ભિલોડાના મહે.એડી. ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,
મુ.ભિલોડા, જીલ્લા: અરવલ્લી.

ક્રિ.પ.અ.નંબર–૨૩૭/૨૦૨૪
આંક : –૧૫

અરજદાર :– કલાસવા રેખાબેન તે કમજીભાઈ ધુળાભાઈની દીકરી
અને બરંડા શ્રીકાન્તભાઈ હિંમતભાઈની પત્ની
ઉ.વ.આ.–૩૨, ધર્મે–હિન્દુ, ધંધો–ઘરકામ
હાલ રહે.કિશનગઢ,ભિલોડા,તા.ભિલોડા,જિ.અરવલ્લી.

–:: વિરૂધ્ધ::–

સામાવાળા:–(૧) બરંડા શ્રીકાન્તભાઈ હિંમતભાઈ,ઉ.વ.આ.૩૭
(૨) બરંડા હિંમતભાઈ બેચરભાઈ,ઉ.વ.આ.૬૦
(૩) બરંડા કનુબેન વા/ઓ હિંમતભાઈ બેચરભાઈ,
ઉ.વ.આ. ૫૭
(૪) બરંડા કિરણભાઈ હિંમતભાઈ, ઉ.વ.આ.૪૨
(૫) બરંડા સગુનાબેન હિંમતભાઈ, ઉ.વ.આ.૪૦
(૬) બરંડા સુરજભાઈ હિંમતભાઈ, ઉ.વ.આ.૨૦
તમામ રહે.કણાદર, તા.વિજયનગર, જિ.સાબરકાંઠા

---

અરજદાર તર્ફે વિધ્વાન વકીલ શ્રી બી.એસ.કોટવાલ
સામાવાળા તર્ફે વિધ્વાન વકીલશ્રી વી.એસ.પરમાર

---

## -: <u>ઠ રા વ</u> :-

(૧) આ કામમા અરજદારની અરજીની ટુંક વીગત જોવામા આવે તો,તેણી ઉપરોકત જણાવેલ સરનામે રહે છે અને ઘરકામ કરે છે. તેણીના લગ્ન આ કામના સામાવાળા નં.૧ સાથે તા.૧૮/૦૪/૨૦૦૯ ના રોજ તેણીના પિતાના ઘરે કિશનગઢ મુકામે સામાજીક રીતે સગા સબંધીઓની હાજરીમાં હિન્દુશાસ્ત્રોકત વીધી અનુસાર થયેલા. ત્યારબાદ તેણી આ કામના સામાવાળા નં.૧ સાથે કણાદર મુકામે કરીયાવર દરદાગીના તથા વાસણકુસણ લઈ સાસરી મુકામે ગયેલા અને ત્યાં આ કામના સામાવાળા નં.૧ સાથે પત્ની તરીકે તમામ ફરજો પુરી કરતા હતા અને શાંતી લગ્નજીવન જીવતા હતા. આ કામના સામાવાળા નં.૧ તેણીના પતિ થાય છે સામાવાળા નં.૨ સસરા થાય છે. સામાવાળા નં.૩ અમારા સાસુ થાય છે સામાવાળા નં.૪ અમારા જેઠ થાય છે સામાવાળા નં.૫ જેઠાણી થાય છે સામાવાળા નં.૬ દીયર થાય છે. આમ આ કામના તમામ સામાવાળાઓ તથા તેણી એકજ મકાનમાં રહેતા હતા.

વધુમાં જણાવેલ છે કે,આ કામના સામાવાળા નં.૧ સાથે તેણીનું લગ્નજીવન બે થી ત્રણેક વર્ષ સારૂ ચાલેલ ત્યારબાદ લગ્નજીવન દરમીયાન કોઈ પણ સંતાનનો જન્મ થયેલ ન હોઈ આ કામના સામાવાળા નં. ૨ થી ૬ નાઓ તેણીના પતિને ચઢવણી કરી કહેતા કે'' તારે બે થી ત્રણ વર્ષ લગ્નના થઈ ગયેલ છે પરંતુ તારે કોઈ બાળક થયુ નથી'' તેવુ તેણીના પતીને કહેતા અને વધુમાં કહેતા કે જો આનુ બાળક ના થાય તો આ કામના સામાવાળા નં.૫ જે જેઠાણી થાય છે તે કહેતા કે ''તમને બીજી પત્ની કરાવી દઈએ'' તેવુ કહેતા હોઈ જેથી પતિ આવીને તેણીને કહેતા કે ''આજ દિન સુધી તારે કોઈ બાળકનો જન્મ થયેલ નથી તુ વાંજણી છે'' તેમ કહી મારકુટ કરતા હતા તેમજ ''તુ વાંજણી છે'' તેમ કહી મહેણા ટોણા મારી શારીરીક તેમજ

માનસીક ત્રાસ આપતા હતા અને વધુમાં કહેતા કે, ''જો તારે બાળક ન થાય તો મારા માતા પિતા તેમજ મારા ભાઈ ભાભી તેમજ મારા નાનાભાઈ બધાઓ કહે છે કે બીજુ લગ્ન કરી બીજી પત્ની લાવી દઈશુ તેવુ કહે છે જેથી હુ બીજી પત્ની લાવી દઈશ ''તેવુ કહી અમોને વારંવાર મારકુટ કરતા હતા અને વધુમાં કહેતા કે ''તુ અહીથી પીયરમાં જતી રહે તને રાખવી નથી'' તેવું કહેતા હતા.

વધુમાં જણાવેલ છે કે,અરજદારે આ કામના સામાવાળા એ મારકુટ કરી કાઢી મુકેલ પરંતુ લગ્ન જીવન ના  બગડે અને તેણીએ બીજા લગ્ન ક્યાં કરવા તેમ કરી અમો આ કામના સામાવાળા મારકુટ કરતા તો પણ મુગા મોઢે ત્રાસ સહન કરતા હતા. અરજદાર આ કામના સામાવાળા નં. ૧ ને મારકુટ કરેલ અને  પીયરમાં પણ બે થી ત્રણ વખત આવેલા અને તેણીના ભાઈઓ તેમજ પિતાને સમજાવી પરત મોકલતા હતા અને કહેતા કે 'તુ શાંતીથી રહે' તેવુ કહી સમજાવી સાસરીમાં મોકલતા હતા પરંતુ આ કામના સામાવાળાઓ તેણીને ખુબ મહેણા ટોણા મારતા હતા તુ વાંજણી તેમ કહી અને તુ અમારે રાખવી નથી તેવુ કહેતા હતા તેમ છતાં અમો મુંગે મોઢે ત્રાસ સહન કરતા હતા.અરજદારને તા.૨૨/૦૬/૨૦૨૪ ના રોજ સવારના આઠેક વાગ્યાના સુમારે તેણીને''તુ વાંજણી છે અને અમારા ઘરમાં કલંકરૂપ છે તારે કોઈ સંતાન થવાના નથી તુ અહીંથી જતી રહે ''તેમ કહી મારકુટ કરી અરજદારને પહેરેલ કપડે દર-દાગીના પડાવી લઈ કાઢી મુકેલ અને આ કામના સામાવાળા નં.૨ થી ૬ નાઓ પણ કહેતા કે ''હવે પછી તુ અહીં આવતી નહી અમે અમારા છોકરાને બીજી પત્ની કરાવી દઈશુ ''તેવું કહેતા હતા અને આ કામના સામાવાળા નં.૪ નાઓ  તેણીના પતિને રાજસ્થાન બાજુથી બીજી પત્ની કરાવી આપવી છે તેવુ કહેતા હતા અને તેઓ બીજી પત્ની લાવેલ હતા તે તેમની સાથે રાખતા હતા અને પતિ હિંમતનગર મુકામે પ્લમ્બરનો વ્યવસાય

કરતા હોઈ જે પણ આવક આવે તે આ કામના સામાવાળા નં.૪ ને આપતા અને જે આવક બીજી પત્ની લાવેલ હતા તે બીજી જગ્યાએ રહેતા હોઈ તેમને તમામ સગવડ આપતા હતા તેવુ અમોને જાણવા મળેલ તે અંગે અમોએ અમારા પતિને વાત કરતાં અમોને ખુબ માર મારેલ.તેણીને આ કામના સામાવાળાઓએ મારકુટ કરી કાઢી મુકેલ હોઈ નિ:સહાય હાલતમાં રહીએ છીએ અમો અભણ છીએ અને કોઈ વ્યવસાય કરતા નથી અને આ કામના સામાવાળાએ અરજદારનુ ભરણપોષણ કે રહેવા માટેની કોઈ વ્યવસ્થા કરેલ નથી તેથી હાલ નિ:સહાય હાલતમાં પીયરમાં પિતાના ઘરની બાજુમાં છાપરુ કરેલ હોઈ ત્યાં રહે છે.

વધુમાં જણાવેલ છે કે,આ કામના સામાવાળા હિંમતનગર મુકામે પ્લમ્બરનો વ્યવસાય કરી માસીક રૂા. ૬૦,૦૦૦/–થી વધારે આવક મેળવે છે તેમજ તેમના વતન કણાદર મુકામે ખેતીની જમીન આવેલ હોઈ તેમાં ખેતી કરી વાર્ષિક રૂા.૩,૦૦,૦૦૦/– આવક મેળવે છે અને ખેતી કરવા માટે બોર આવેલ હોઈ ભાડે તેમજ ભાગમાં પાણી આપી વાર્ષિક રૂા.૫૦,૦૦૦/– જેટલી આવક મેળવે છે તેમજ દુધ ભરાવી માસીક રૂા.૧૦,૦૦૦/– આવક મેળવે છે તેમજ આ કામના સામાવાળા નં.૧ ને તેણી સીવાય બીજા કોઈનું ભરણપોષણની જવાબદારી નથી.

<u>દાદ:–</u>

(અ) આ કામના સામાવાળાઓ તેણીને વારંવાર શારીરીકે તેમજ માનસીક ત્રાસ આપતા હતા અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ છે જેથી આ કામના સામાવાળાએ તેણીઉપર કોઈ શારીરીક હિંસાનુ કોઈ કૃત્ય કરાવે તેવો કલમ–૧૮ મુજબનો રક્ષણ માટેનો હુકમ કરવા મે. કરશોજી.

(બ) સામાવાળાનુ મોજે કણાદર મુકામે પોતાનુ સ્વતંત્ર માલીકીનુ મકાન આવેલ છે જેમાં અમો અરજદારને રહેવાની વ્યવસ્થા આપે તેવો તેમજ મકાન ભાડાના રૂા.૫,૦૦૦/– ચુકવી આપે તેવો હુકમ કરવા મે. કરશોજી.

(ક) અમો અરજદારને આ કામના સામાવાળા ભરણપોષણ પેટે માસિક રૂા. ૧૫,૦૦૦/–દવાદારૂ, કપડાલત્તા, ભરણપોષણ વિગેરે અરજી કર્યા તારીખથી ચઢે ચઢયા ચુકવી આપે તેવો કલમ–૨૦ મુજબ હુકમ કરવા મે. કરશોજી.

(ડ) અમો અરજદારને આ કામના સામાવાળા મારઝુડ કરી શારીરીક તેમજ માનસીક ત્રાસ આપેલ હોઈ અને જે ને લીધે અમો અરજદારને કષ્ટ વેઠવુ પડેલ હોઈ તેના વળતર પેટે રૂા.૫,૦૦,૦૦૦/– તમારા સામાવાળા ચુકવી આપે તેવો હુકમ કરવા મે. કરશોજી.

(ઈ) અમારા પિયરપક્ષ તરફથી આપવામાં આવેલ તમામ સ્ત્રીધનના દરદાગીના વાસણ કુસણ પરત કરે તેવો હુકમ કરવા મે. કરશોજી.

(એફ) આપ નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી બીજી હરકોઈ દાદ અપાવો.

(૨) અરજદારની અરજી દાખલ થયા બાદ સામાવાળાઓ વિરૂધ્ધ નોટીસ કાઢવાનો હુકમ કરવામાં આવેલો અને સામાવાળાઓ ઉપર નોટીસની બજવણી થઈ જતા સામાવાળા આ અદાલતમાં તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થઈ આંક–૦૯ થી જવાબ રજુ કરેલ છે અને જવાબમાં જણાવેલ છે કે અરજદારની અરજી ખરી નથી અને ઉપજાવી કાઢેલી છે અને તેમને અરજી કરવા કોઈ અધિકાર નથી અને તદન ખોટી હકીકત જણાવી દાખલ કરેલી હોય રદ થવા પાત્ર છે.અરજદારની અરજી માહેના સ્પષ્ટ પણે કબુલ કર્યા સિવાયના તમામ મજકુરોનો ઈન્કાર કરેલ છે.

વધુમા સામાવાળાએ જવાબમા એવી હકીકત જણાવેલ છે કે, આ કામના અરજદાર સાથે સામાવાળા નં.૧ નાએ તા.૧૮/૦૪/૨૦૦૯ ના રોજ લગ્ન કરેલા અને ધોરણ–૧૦ સુધી અભ્યાસ કરેલ છે લગ્નના ત્રણ માસ થયા બાદ આ કામના અરજદાર અમો સામાવાળા નં. ૧ ના માતા પીતા ને સમય સર જમાળતા ન હતા અને તે ઉલાટાનુ તેમના સાથે કોઈ પણ જાતના વાંક ગુન્હા વગર જગડા કરતા હતા આ કામના સામાવાળા નં. ૪ ના તથા સામાવાળા નં. ૫ ના પોતાની રીતે અલગ રહેતા હોઈ આ કામના અરજદારે એક માત્ર હેરાન કરવાના બદ આશયથી પક્ષકાર તરીકે જોળેલ છે તથા અરજદાર નં. ૨ તથા ૪ ના અમારા વતનમાં રહેતા હોઈ આ કામના અરજદારે તેમની કોઈજ સેવા ચાકરી કરેલ નથી અને ઉલટાનુ અમો સામાવાળા નં. ૧ થી ૬ નાને જોળે ખોટે ખોટા જગળા કરી સાસરીમાં કામ ન કરવું પડે તે માટે શહેરમાં રહેવા જઈએ તેવી વારંવાર જીદ કરતા હતા અને ન છુટકે લગ્નના ત્રણ માસ બાદ અમો સામાવાળા નં.૧ ના ઝુપડ પટી બનાવેલી અને તેમાં અમો સામાવાળા નં. ૧ તથા અરજદાર જોળે ૧૫–વર્ષ સુધી જોળે રહેતા અને અમો સામાવાળા નં.૧ છુટક મજુર કરીને મહીને ૩,૦૦૦/– થી ૪,૦૦૦/– ની કમાતા હતા અને તેમાં અમારા ઘરની અમારા માતા પીતા ત થા નાના ભાઈની જવાબદારી અમો નીભાવતા હતા અને આ કામના અરજદારત ધો રણ–૧૦ સુધી ભણેલ હતા તેમ છતા તેવો કોઈ કામ ધંધો કરતા ન હતા અને અધારા પાસે જે કોઈ રૂપીયા હોઈ તે અમારા ખીચામાંથી પોતે કાઢી લેતા હતા અને અરજદાર ૧૫–વર્ષના લગ્ન જીવનમાં જે રકમ તેમના પાસે હોઈ તે તેમના પીયરમાં તેમના ભાઈને આપી દેતા હતા અને કહેતા હતા કે જયારે જરૂર પડસે ત્યારે હું તમને મારા ભાઈ પાસેથી પૈસા પરત લાવી આપીશ તેવુ જણાવતા છતા પણ અમો ને આર્થિક ગણીજ તકલીફો પડતી હતી તેમ છતા અમારું લગ્ન જીવન સારી રીતે ચાલે તે માટે અ સામાવાળા નં. ૧ ના અરજદારનો ત્રાસ સહન કરતા હતા આ કામના અરજદાર અમો સામાવાળા નં. ૧ ઉપર ભુવાજી તથા મોલવીઓ ધ્વારા અમારા ઉપર રાત્રે તાત્રીક વિધી કરતા હતા નછૂટકે અમો સામાવાળા નં. ૧ ને વતનમાં મકાન બનાવવા સારૂ અરજદાર પાસે તેમના ભાઈને આપેલા પૈસાની માગણી કરતા અરજદારે ૬–માસ પહેલા તેમના ભાઈને ફોન કરીને બોલાવતા અમો સામાવાળા નં. ૧ ના સાળા

ઈશ્વરભાઈ તથા મુકેશભાઈ બન્ને નાઓ ૧૫–માણસો સાથે ઈકો ગાડી તથા મોટર સાઈકલો લઈને આવેલા અને તે સમયે અમારી પાસે રહેલા દાગીના જેવા કે સોનાની ચાર વીટીઓ, બે ચાંદીની વીટી, ચાર લકી ચાંદીની, પગના છળા ચાંદીના, નાકનો કાંટો સોનાનો, ચાંદીનુ મગલસુત્ર, કાનની બુટી નંગ બે સોનાની, ત્રીસ તોલાના પગે પહેરવાના છડા ચાંદીના તથા અમો સામાવાળાનં. ૧ ના ડોકયુમેન્ટસ જેવા કે ચુંટણી કાર્ડ, આધાર કાર્ડ, રેશન કાર્ડ, મોટર સાઈકલ નં. જી.જે.૦૯ ઓ ૪૪૮૫ ની આર.સી. બુક, બેન્ક ઓફ મહારાષ્ટ્ર, પરબડા શાખાની પાસ બુક, એ.ટી.એમ. એલ.સી. ,સ્ટેમ્પ કરેલ ડોકયુમેન્ટ વિગેરે ડોક્યુમેન્ટ તથા અમો સામાવાળા નં. ૧ નાને માર જુડ કરી જબર જસ્થીતી કિશનગઢ મુકામે જંગલમા લઈ જઈ મારજુડ પણ કરેલી તે સમયે અમો સામાવાળા નં. ૧ નાને જબર જતીથી મારજુડ કરી લઈ જતા હતા તે સમયે અમો સામાવાળાના પાડોસમાં રહેતા બહેને અમો સામાવાળા નં. ૧ ના પીતાને જાણ કરતા અમો સામાવાળા નં. ૧ ના પીતા તથા બીજા માણસો કિશનગઢ આવતા અમોને વધુ મારમાંથી બચાવી અમો સામાવાળાના ઘરે કણાદર મુકામે લઈ ગયેલા અને જો સમય સર અમો સામાવાળા નં. ૧ ના પીતા તથા તેમની સાથે બીજા માણશો આવેલ ન હોયતો અમો સામાવાળાનં. ૧ ને મારી નાખવાનો તકતો કરેલો જેની જાણ અમો સામાવાળા નં. ૧ નાએ બી–ડીવીજન પોલીસ સ્ટેશન હિંમતનગર મુકામે જાણ કરેલી હતી જેથી અમ સામાવાળાઓએ આ કામના અરજદારનો તથા તેમના ભાઈઓનો અમારા ઉપર ખુબજ ત્રાસ વરતાવેલો આમ અમો સામાવાળાઓ ઉપર ખોટુ દબાણ લાવા સારૂ અમો સામાવાળા નં. ૧ ના અરજદાર જોળે છુટા છેડા લેવા માટેનો અરજદારે આખો પ્લાન કરેલ છે. અરજદારે પોતાની પરચુરણ અરજીમાં જુદી જુદી આવકો દર્શાવેલ છે તે તદ્દન ખોટે ખોટી છે તથા અમો સામાવાળા નં. ૧ ના નામે કોઈ મકાન નથી કોઈ જમીન નથી કોઈ બોર કુવો નથી કોઈ પશુ નથી તેમ છતા અમો સામાવાળા નં.૧ મહીને છુટક મજુરી કરી માસીક રૂા.૩,૦૦૦/– થી ૪,૦૦૦/– કમાતા હોઈ અમો સામાવાળા નં. ૧ ની સામાવાળા નં. ૨,૩ તથા ૬ તથા નાના ભાઈની ભરણ પોષણની તમામ જવાબદારી અમારા શીરે છે જેથી આ કામના અરજદાર ધોરણ–૧૦ સુધી અભ્યાસ કરેલ છે અને તેવો તેમના પિયરમાં સીવણ કલાસ કરેલ હોઈ કપડા

સીવતા હોઈ મહીને રૂા.૧૫,૦૦૦/– થી ૨૦,૦૦૦/– કમાણી કરે છે અને અમો સામાવાળા નં. ૧ સાથે છુટા છેડા લેવા હોઈ અમો સામાવાળા નં. ૧ થી ૬ સામે ઘરેલુ હિસ્સા થી સ્ત્રીઓની સુરક્ષા અધિનીયમ મુજબ જે નામદાર કોર્ટમાં અરજ કરેલ છે જે તદ્દન ખોટે ખોટી હોઈ અરજદારની સદર પરચુરણ અરજ રદ કરવા અરજ છે.

(૩) પ્રોટેકશન અધિકારીએ આંક–૪ થી રીપોર્ટ રજુ કરેલ છે જે વંચાણે લેવામાં આવે તો,અરજદારને ત્રાસ આપેલ છે તથા અરજદાર ઘરેલુ હિંસા અધિનીયમ હેઠળ રાહત મેળવવા અધિકાર છે.

(૪) ત્યારબાદ અરજદાર તરફે નીચે મુજબના પુરાવા રજુ છે.

<u>મૌખિક પુરાવો</u>

| | |
|---|---|
| ૧. અરજદાર રેખાબેન કમજીભાઈનુ પુરાવાનુ સોગંદનામુ. | આંક–૧૦ |

ત્યારબાદ આંક–૧૨ થી અરજદાર તરફે કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

ત્યારબાદ સામાવાળા તરફે નીચે મુજબના પુરાવા રજુ છે.

<u>મૌખિક પુરાવો</u>

| | |
|---|---|
| ૧. સામાવાળા નં.૧ બરંડા શ્રીકાન્તભાઈ હિંમતભાઈનુ પુરાવાનુ સોગંદનામુ. | આંક–૧૩ |

ત્યારબાદ આંક–૧૪ થી સામાવાળા તરફે કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૫) અરજદારના વિ.વકીલશ્રી તથા સામાવાળાના વિ.વ.શ્રી ની દલીલો સાંભળી.

(૬) સદરહું અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

**<u>-:: મુદાઓ ::-</u>**

૧. શું અરજદાર સાબિત કરે છે કે,સામાવાળાએ અરજદારને મારઝૂડ કરી શારીરિક તથા માનસિક ત્રાસ આપી ઘરથી બહાર કાઢી મૂકેલ છે ?

૨. શું અરજદાર સાબિત કરે છે કે, કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ,૨૦૦૫ ની કલમ-૧૮ હેઠળ સામાવાળાઓથી રક્ષણ મેળવવા હકદાર છે ?

૩. શું અરજદાર કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ સામાવાળા નં.૧ પાસેથી રહેઠાણનો હુકમ મેળવવા હકદાર છે ?

૪. શું અરજદાર કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ-૨૦ હેઠળ સામાવાળા નં.૧ પાસેથી નાણાકીય રાહત,નુકશાની તેમજ ખર્ચની રકમ મેળવવા હકદાર છે ?

૫. શું અરજદાર કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનીયમ, ૨૦૦૫ ની કલમ-૨૨ હેઠળ રૂ.૫,૦૦,૦૦૦/-વળતર મેળવવા હકદાર છે ?

૬. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના જવાબ નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) હકારમાં

(૪) અંશત:હકારમાં

(૫) અંશત:હકારમાં

(૬) આખરી હુકમ મુજબ.

## –:: કારણો ::–

(૮) અરજદાર તરફે આંક.૧૦ થી તેમનું સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે જેમાં તેઓએ આંક–૧ ની અરજીની હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે અને જણાવેલ છે.જયારે સામાવાળા તરફે અરજદારની ઉલટતપાસ કરતા જણાવેલ છે કે,જેમાં અરજદાર એ હકીકતનો સ્વીકાર કરે છે કે,મારા લગ્ન આજથી પંદર વર્ષ પહેલા સામાજીક રીત રીવાજ મુજબ થયેલા તથા હુ દસ વર્ષ મારા પતિ સાથે રહેલી.મારા સાસુ–સસરા તથા દિયર કણાદર મુકામે રહેતા હતા.મારા જેઠ–જેઠાણી પણ અલગ રહેતા હતા.પોલીસ ફરીયાદની નકલ રજુ કરેલ નથી.મે દવાખાનામાં કોઈ સારવાર કરાવેલ નથી.મે મારા પતિના આવક બાબતેના કોઈ પુરાવા રજુ કરેલા નથી.સામાવાળાઓ કોઈ મિલકત ધરાવતા હોય તેના કોઈ પુરાવા રજુ કરેલ નથી.

(૮.૧) ત્યારબાદ સામાવાળા નં.૧ શ્રીકાન્તભાઈ હિંમતભાઈનાઓએ આંક–૧૩થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે જેમાં તેમણે તેમના આંક–૦૮ થી રજુ કરેલ જવાબ ની હકીકતો જણાવેલ છે જયારે સામાવાળાની અરજદાર તરફે ઉલટતપાસ કરવામાં આવેલ તેમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,તા.૧૮/૪/૨૦૦૯ ના રોજ અરજદાર સાથે સામાજીક રીતે લગ્ન થયેલા. એ વાત ખરી છે કે,અરજદાર દર દાગીના લઈ મારી સાથે કણાદર મુકામે રહેવા આવેલા.એ વાત ખરી છે કે,મે અરજદારને બે ત્રણ વર્ષ સુધી સારી રીતે રાખેલ.એ વાત ખરી છે કે,હુ તથા મારી પત્ની અને મારી ભાભી

સાથે અમે હિંમતનગર મુકામે રહેતા હતા.એ વાત ખરી છે કે,હુ હિંમતનગર મુકામે પ્લમ્બરનો ધંધો કરુ છુ.એ વાત ખરી છે કે,માર લગ્ન થયા ત્યારથી મારી પત્નીને કોઈ બાળકનો જન્મ થયેલ નથી.એ વાત ખરી છે કે,અમે ત્રણેય ભાઈઓ ભેગા થઈ અમારા માતા પિતાના ભરણપોષણ અને દવાનો ખર્ચ કરીએ છીએ.

<u>મુદ્દા નં.૧ અને ૨</u>

(૯) હાલની અરજી ધ્યાને લેતા સામાવાળા નં.૧ અરજદારના કાયદેસરના પતિ થાય છે અને ઉપરોકત કૈટુંબિક સંબંધોની વ્યાખ્યા ધ્યાને લેતાં અરજદાર અને સામાવાળા વચ્ચે કૌટુંબિક સંબંધનું જણાઈ આવે છે. આમ પક્ષકારો વચ્ચે ''કૌટુંબિક સંબંધ'' પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ આવે છે. અરજદાર આ કામના સામાવાળા નં. ૧ ના પત્ની થાય છે અને તેઓ તેમના પતિ સાથે રહેતા હતા તથા સામાવાળાઓ અરજદારને હેરાન પરેશાન કરતા હતા તથા તેણીને બાળક થતુ ન હોય તેમ કહી તેની સાથે કજીયા ઝગડા કરતા હતા વારંવાર મારઝુડ કરતા હતા. તેઓને મારઝુડ કરી શારીરિક માનસિક ત્રાસ આપી કાઢી મુકેલ.તેમ છતાં અરજદાર તેમનો ઘરસંસાર બગડે નહી તે હેતુથી સામાવાળાઓનો ત્રાસ સહન કરીને રહેતા હતા. સામાવાળાઓ તેઓને અતિશય ત્રાસ આપતા હોવા છતાં સામાવાળા નં.૧ ભવિષ્યમાં સુધરશે તે આશાથી તેઓ તેમનો ત્રાસ ચુપચાપ સહન કરીને રહેતા હતા અને તેમને મારઝુડ કરી પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકેલી.આમ અરજદારની સોગંદ ઉપરનુ પુરાવાનુ સોગંદનામું જોતા કોઈ પણ સ્ત્રી પોતાનું લગ્ન જીવન શરૂઆતના તબકકામાં જ બગાડે નહી તથા પોતે તેના પતિ સાથે રહેવા તૈયાર હોઈ તેઓની સાસરી તથા સામવાળા નંબર-૧ ના ધંધાના સ્થળે પણ રોકાયેલી.આમ,ઉપરોકત હકીકત જોતાં સામાવાળાઓએ અરજદાર સાથે હિંસા આચરેલ છે જેથી અરજદાર સામાવાળા

વિરૂધ્ધ રક્ષણ મેળવવા હકદાર બને છે જેથી મુદ્દા નં.૧ અને ૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

<u>મુદ્દા નં. ૩</u>

(૧૦) અરજદાર જણાવે છે કે,તેઓ સામાવાળા નંબર–૧ ના પત્ની થાય છે.અરજદારની સાસરી કણાદર,તા.વિજયનગર,જિ.સાબરકાંઠા મુકામે આવેલ છે તથા અરજદારનું પિયર કિશનગઢ,તા.ભિલોડા,જિ.અરવલ્લી મુકામે આવેલ છે.અરજદાર લગ્ન પછી તેઓની સાસરી કણાદર, તા.વિજયનગર,જિ.સાબરકાંઠા મુકામે સંયુકત કુટુંબમાં રહેવા ગયેલા અને સામવાળા નંબર–૧ ની ધંધાના સ્થળે પણ રહેવા ગયેલા.અરજદાર હાલમાં તેઓના પીયર કિશનગઢ મુકામે રહે છે.

આમ, જો અરજદારને તેમની સાસરી કણાદર,તા.વિજયનગર, જિ.સાબરકાંઠા તથા સામાવાળા નંબર–૧ ની સાથે તેમના સંયુકત કુટુંબના મકાનમાં અલગ રૂમની સગવડ તથા તે ઘરમાં રહેવાની સગવડ કરવામાં આવે તો અરજદાર તથા સામાવાળા વચ્ચે વધુ ઘર્ષણ થાય તેમ છે તથા સામાવાળા નં.૧ હિંમતનગર મુકામે પ્લમ્બરનો વ્યવસાય કરે છે પરંતુ તેઓનુ મકાન હિંમતનગર મુકામે આવેલ નથી. આમ અરજદારને કિશનગઢ, તા.ભિલોડા,જિ.અરવલ્લી મુકામે ઘર ભાડાની રકમનો વ્યવસ્થા કરવાનો હુકમ કરવો યોગ્ય જણાતો હોઈ મુદ્દા નં. ૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

<u>મુદ્દા નં. ૪</u>

(૧૧) અરજદારે પોતાના માટે નાણાંકીય રાહતોમાં અરજદારોના ભરણપોષણ તેમજ જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ માટે માસિક રૂા.૧૫,૦૦૦/–દવાદારૂ, કપડાલત્તા, ભરણપોષણ વિગેરે અરજી કર્યા તારીખથી ચઢે ચઢયા ચુકવી આપે તેવી માંગણી કરેલ છે તથા જણાવે છે કે,

સામાવાળા નંબર–૧ પ્લમ્બરનુ કામ કરી માસીક રૂા.૬૦,૦૦૦/– કમાય છે તથા ખેતીની જમીન તથા રીંગોબરમાંથી વાર્ષિક રૂા.૩,૫૦,૦૦૦/– તથા દુધની આવકમાંથી માસીક રૂા.૧૦,૦૦૦/– કમાય છે.સામાવાળા નં.૧ ખેતીની જમીન ધરાવતા હોય તથા ખેતી કરી વાર્ષિક રૂા.૩,૫૦,૦૦૦/– કમાતા હોય તે અંગેના રેવન્યુ ઉતારા અરજદારે રજુ કરેલ નથી.સામાવાળા ખેતીની જમીન ધરાવતા હોય કે ખેતી કરતા હોય તેના પણ કોઈ લેખીત કે મૌખિક પુરાવા રજુ કરેલ નથી. સામાવાળા દુધની આવકમાંથી માસીક રૂા.૧૦,૦૦૦/– કમાતા હોય તેના કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી.સામાવાળા નંબર–૧ ની દુધ મંડળીની સ્લીપ પણ રજુ કરેલ નથી. સામાવાળા નં.૧ નાઓએ આંક–૧૩ થી પુરાવાનુ સોગંદનામુ રજુ કરેલ છે સામાવાળાની અરજદારના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ જેમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે,તેઓ હિંમતનગર મુકામે પ્લમ્બરનો ધંધો કરે છે.સામાવાળાઓએ તેઓની આવક બાબતના પુરાવા રજુ કરવાના હોય છે.આમ સામાવાળાએ તેઓની આવક બાબતે કોઈ હકીકત જણાવેલ નથી જેથી સામાવાળા હિંમતનગર મુકામે પ્લમ્બીંગનુ કામ કરતા હોય તે હકીકત જણાઈ આવે છે.

સામાવાળા જણાવે છે કે,અરજદાર તેમના પીયરમાં સીવણ કલાસ કરેલ હોય અને કપડા સીવીને માસીક રૂપીયા પંદરથી વીસ હજાર કમાય છે. અરજદારની આવક બાબતે સામાવાળાએ કોઈ પુરાવો રજુ કરેલ નથી.આમ અરજદાર કમાણી કરતા હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.અરજદારના પતિ હિંમતનગર મુકામે પ્લમ્બરનો વ્યસાય કરે છે પરંતુ કેટલી આવક મેળવતા હોય તે રેકર્ડ ઉપર આવતુ નથી પરંતુ અરજદારના જણાવ્યા મુજબ તેઓના પતિ વાર્ષિક રૂા.૩,૫૦,૦૦૦/– ખેતીમાંથી તથા દુધ ભરાવીને માસીક રૂા.૧૦,૦૦૦/– કમાતા હોય તે હકીકત અરજદાર

પુરાવર કરી શકેલ નથી તથા સામાવાળા નં.૧ હિંમતનગર મુકામે પ્લમ્બીંગનુ કામ કરી કમાણી કરતા હોય તેવુ માની શકાય પરંતુ પ્લમ્બરની આવકમાંથી માસીક રૂા.૬૦,૦૦૦/– કમાતા હોય તેના કોઈ પુરાવા રજુ કરેલ નથી પરંતુ કમાણી કરતા હોય તે હકીકત જણાઈ આવે છે. આમ,અરજદાર સામાવાળા નં બર–૧ પાસેથી ભરણપોષણ મેળવવા હકકદાર છે જેથી મુદા નં. ૪ નો જવાબ અંશત:હકારમાં આપવામાં આવે છે.

<u>મુદ્દા નં. ૫</u>

(૧૨) અરજદારે કલમ–રર મુજબ સામાવાળા પાસે નુકશાની વળતર માંગેલ છે તે જોતા અને પુરાવાનું મૂલ્યાંકન કરતા અરજદારને પોતાના પતિનું ઘર છોડવા મજબૂર થયેલ છે અને અપમાન સહન કરવું પડેલ છે અને અરજદારે રૂા.૫,૦૦,૦૦૦/– ની માંગણી કરેલ છે પરંતુ તેવો કોઈ સીધો પુરાવો અરજદારે રજૂ કરેલ નથી કે તેઓને કેટલું નુકશાન થવા પામેલ છે તે રેકર્ડ ઉપર આવેલ નથી પરંતુ અરજદારને તેઓના પતિના કારણે ઘર છોડવુ પડેલ હોય જેથી તેઓ નુકશાન વળતર મેળવવા હકકદાર હોય જેથી મુદા નં. ૫ નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે.

અરજદાર જણાવે છે કે,તેઓનુ સ્ત્રીધન કરીયાવર,દરદાગીના તથા વાસણકુશણ સામાાળાઓ પાસે છે અને સામાવાળાઓએ તેણીને પરત આપેલ નથી.સામાવાળા નં.૧ ની અરજદારના વિ.વ.શ્રી ઘ્વારા ઉલટ તપાસ કરવામાં ઓલ છે જેમાં તેઓ સ્વીકાર કરે છે કે,અરજદાર દર દાગીના લઈ મારી સાથે કણાદર મુકામે રહેવા આવેલા.આમ,અરજદાર દર દાગીના લઈને સામાવાળા નં.૧ સાથે રહેવા આવેલા પરંતુ સદર દર દાગીના સામાવાળા પાસે હોય તેવી કોઈ હકીકત અરજદાર રેકર્ડ ઉપર લાવેલ નથી. આમ,અરજદારના દર દાગીના સામાવાળા પાસે હોય તેવુ જણાતુ નથી.

આમ,સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો આ કામે ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આ કામના અરજદારને સામાવાળા તરફથી કૌટુંબિક હિંસા આચરેલ હોય અને તેવા કારણે અરજદારને માનસિક ત્રાસ તથા ભાવનાત્મક સંતાપ થયેલાનું જણાય છે. આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ મુદ્દા નં.૧ થી ૫ પરત્વેનો જવાબ મુદ્દા નં.૬ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

## -:: આખરી હુકમ ::-

(૧) અરજદારની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) સામાવાળાઓએ કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૮ અન્વયે સામાવાળાઓએ અરજદાર જે જગ્યાએ રહેતા હોય ત્યાં પ્રવેશ કરવો નહીં અને અરજદારને કોઈપણ પ્રકારની ક્ષતિ પહોંચાડવી નહીં.

(૩) સામાવાળા નં.૧ નાઓએ કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અરજદારને રહેઠાણ માટે ભાડાની રકમ રૂા.૧૫૦૦/-(અંકે રૂપિયા પંદરસો પૂરા) દરેક મહિને ચડે ચડયા અરજી કર્યાની તારીખથી અરજદારને ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) સામાવાળા નંબર-૧ નાઓએ અરજદારને અરજી દાખલ કર્યા તારીખથી માસીક રૂા.૫૦૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ભરણપોષણની રકમ આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) સામાવાળા નં.૧ નાંઓ કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૨૨ મુજબ અરજદારને વળતર પેટે રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આ કામે સામાવાળાઓ સામેની અન્ય કોઈ દાદ મંજુર કરવામાં આવતી નથી.

(૭) સદર હુકમની એક નકલ વિના મૂલ્યે સદર કાયદાની કલમ–૨૪ અન્વયે અરજદાર,સામાવાળાને આપવી તથા સંબંધિત પોલીસ સ્ટેશને જાણ સારુ મોકલી આપવી.

(૮) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તા.૨૭મી,માહે–માર્ચ,સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવીને જાહેર કર્યો.

તા.૨૭/ ૦૩ /૨૦૨૬
સ્થળ:ભિલોડા

(તુષારકુમાર વીરાભાઈ પરમાર)
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
ભિલોડા
કોડ નંબર :જી.જે.૦૧૦૮૪